# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-09-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

*****************************************************

- ડેલાવેરમાં ક્વાડ સંમેલન દરમિયાન ઑસ્ટ્રેલિયા અને જાપાનના પ્રધાનમંત્રી સાથે મુલાકાત બાદ પ્રધાનમંત્રી મોદી ન્યુયોર્ક પહોંચ્યા.
- અમેરિકાએ ભારતમાંથી ચોરાયેલી અને તસ્કરી કરાયેલી 297 કલાકૃતિ ભારતને પરત આપવાનો નિર્ણય કર્યો.
- રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે વ્યવસાયિક કંપનીઓને વૈશ્વિક માનવાધિકાર ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું.
- બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટમાં ભારતનો 280 રનથી ભવ્ય વિજય – આર.અશ્વિને છ વિકેટ ઝડપી.
- છત્તીસગઢમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI AUSTRALIAN PM MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અબ્લનીઝે અમેરિકાના વિલમિંગ્ટન ખાતે છઠ્ઠા ક્વાડ એટલે કે, ચતુર્ભુજ સુરક્ષા

સંવાદના નેતાઓના શિખર સંમેલન દરમિયાન મુલાકાત કરી હતી. મે 2022 બાદથી આ તેમની નવમી મુલાકાત હતી.

બંને નેતાએ રાજકીય અને વ્યૂહાત્મક, સંરક્ષણ અને સલામતી, વેપાર અને રોકાણ, શિક્ષણ અને સંશોધન, આબોહવા પરિવર્તન અને નવીકરણ ઊર્જા જેવા ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અંગે ચર્ચા કરી હતી. બંને પ્રધાનમંત્રીએ પરસ્પર હિતના સ્થાનિક અનેવૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે સ્વીકાર્યું કે, ઉચ્ચ સ્તરીય સંપર્કોની આવર્તનથી દ્વિપક્ષીય સંબંધોને મજબૂત વેગ મળ્યો છે.

બંને નેતાએ બહુપક્ષીય ક્ષેત્રે સહયોગને મજબૂત કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો હતો. તેમજ ભારત—ઑસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુને વધુ ઊંચાઈ પર લઈ જવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. દરમ્યાન, પ્રધાનમંત્રી ન્યુયોર્ક પહોંચ્યા હતા જયાં તેઓ ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે. અને ટોચની ટેક કંપનીઓના અધિકારીઓને પણ મળશે.

## PM MODI MET HIS JAPAN COUNTERPART

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમેરિકામાં ક્વાડ શિખર સંમેલન દરમિયાન જાપાનના પ્રધાનમંત્રી ફૂમિયો કિશિદા સાથે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની દિશામાં પ્રગતિને સક્ષમ બનાવવા અંગે જાપાનના પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

બંને નેતાએ બહુપરિમાણીય સંબંધોની સમીક્ષા કરી, સંરક્ષણ અને સલામતી સંબંધો, બી ટૂ બી અને પી ટૂ પી સહયોગ સહિત સહકારને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

## PM US VISIT RETURN OF ARTIFACTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન અમેરિકાએ ભારતમાંથી ચોરાયેલી અને તસ્કરી કરાયેલી 297 કલાકૃતિ ભારતને પરત આપવાનો નિર્ણય કર્યો છે. આ કલાકૃતિઓ ટૂંક સમયમાં ભારત મોકલવામાં આવશે. ડેલાવેયરના વિલમિંગ્ટનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેનની દ્વિપક્ષીય બેઠક દરમિયાન આ કલાકૃતિઓને પ્રતિકાત્મક રીતે સોંપવાની રીતે બંને નેતાઓને કેટલીક કલાકૃતિઓ બતાવવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ આ કલાકૃતિઓને પરત આપવા અંગે રાષ્ટ્રપ્રમુખ બાઈડેનનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, આ કલાકૃતિઓ ભારતની ઐતિહાસિક સંસ્કૃતિનો હિસ્સો તો છેજ, પરંતુ દેશની સભ્યતા અને ચેતનાનો પણ આધાર છે.

## NHRC-CA-PUNE-DEATH.RTF

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે વ્યવસાયિક કંપનીઓને વૈશ્વિક માનવાધિકાર ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. પુણેની એક ખાનગી કંપનીમાં કામના બોજના કારણે કેરળનાં એક મહિલાના મૃત્યુ અંગે પંચે સ્વતઃ નોંધ લીધી છે.

પંચે વ્યવસાયિક સંસ્થાઓને તેમની કાર્ય સંસ્કૃતિ, રોજગાર નીતિઓ અને નિયમોની સમીક્ષા કરવા સલાહ આપી છે. પંચે આ સંસ્થાઓ માનવ અધિકારના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ અને જવાબદાર હોવી જોઈએ તે વાત પર ભાર મૂક્યો છે.

## REV DAY CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચેન્નઈમાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ભારતે બાંગ્લાદેશને 280 રનથી હરાવ્યું છે. આ સાથે ભારત 2 મેચની શ્રેણીમાં એક—શૂન્યથી આગળ છે. ભારતે કુલ 515 રન બનાવ્યા હતા. આ લક્ષ્યાંકનો પીછો કરતાં બાંગ્લાદેશ ચોથા દિવસે તેની બીજી ઇનિંગમાં 234 રન બનાવી ઑલ-આઉટ થઈ ગયું હતું.

ભારત તરફથી રવિચન્દ્રન અશ્વિને 6 વિકેટ લઈ જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો. ગઈકાલે ત્રીજા દિવસના અંતે બાંગ્લાદેશે 4 વિકેટ ગુમાવીને 158 રન બનાવ્યા હતા. જ્યારે ભારતે શુબમન ગિલ અને ઋષભ પંતની સદીની મદદથી ત્રીજા દિવસે 4 વિકેટ ગુમાવી 287 રનપર તેનો બીજી ઇનિંગ જાહેર કરી હતી.

## PM-RHINO-DAY.RTF

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ ગેંડા દિવસના અવસરે  ગેંડાના રક્ષણ માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ ગેંડા સંરક્ષણના પ્રયાસોમાં સામેલ કર્મચારીઓની પ્રસંશા કરી  છે. તેમણે આસામમાં કાઝીરંગાની તેમની મુલાકાતને યાદ કરી અને દરેક લોકોને આ સ્થળની મુલાકાત લેવા અપીલ કરી હતી.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ  વિદર્ભમાં તેમજ  છત્તીસગઢમાં ચાર દિવસ સુધી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે ઉમેર્યું હતું કે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી સાત દિવસ દરમિયાન  વરસાદની સંભાવના છે.

આસામ અને મેઘાલયમાં આવતીકાલથી શુક્રવાર સુધી જયારે બિહારમાં બુધવાર સુધી છૂટાંછવાયાં વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આવતીકાલથી આગામી

ત્રણ દિવસો દરમિયાન દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં અને ઉત્તરીય કર્ણાટક અને તેલંગાણામાં છૂટાછવાયા ભારે વરસાદની પણ શક્યતા છે.

## J-K---CHIF-JUSTICE-TASHI.RTF

કેન્દ્ર સરકારે કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ તરીકે ન્યાયાધીશ તાશી રાબસ્તાનની નિમણૂક કરી છે.

સર્વોચ્ચ અદાલતના કોલેજીયમે થોડા દિવસ પહેલા તેના અગાઉના નિર્ણય પર પુનઃર્વિચાર કરીને મુખ્ય ન્યાયાધીશ તરીકે ન્યાયાધીશ તાશી રાબસ્તાનની નિમણૂક કરવાની ભલામણ કરી હતી, જેને કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે, મુખ્ય ન્યાયાધીશ તાશી રબસ્તાનની અગાઉ વર્ષ 2013માં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વડી અદાલતમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી

## J-K--BID-ARMED.RTF

જમ્મુ અને કાશ્મીરના આર એસ પૂરા વિસ્તારમાં સરહદ સુરક્ષા દળ-BSFએ આંતરરાષ્ટ્રીય સરહદે એક આતંકવાદી દ્વારા કરાયેલા ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. બીએસએફના પ્રવક્તાએ જણાવ્યું છે કે સુરક્ષા દળના જવાનોને સરહદ તરફ આવી રહેલા ઘૂસણખોરની શંકાસ્પદ ગતિવિધિની જાણ થતાં ગોળીબાર કરી તેના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આજે સવારે આ વિસ્તારની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં દારૂગોળો અને શસ્ત્રો મળી આવ્યા હતા.

## ISRAEL GAZA

ઉત્તર ગાઝામાં ગઈકાલે એક શાળા પર ઇઝરાયેલી હવાઈ હુમલામાં 22 લોકોના મોત અને અનેક લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, ગાઝા શહેરના ઝિટૌન વિસ્તારમાં થયેલા હુમલામાં કેટલીક મહિલાઓ અને બાળકો સહિત 30 અન્ય લોકો

પણ ઇજાગ્રસ્ત થયા છે. ઇઝરાયેલી સેનાએ જણાવ્યું કે, તેમણે પૂર્વ શાળાથી સંચાલિત થતાં હમાસ કમાન્ડ સેન્ટરને નિશાન બનાવ્યું હતું. જોકે, હમાસે સૈન્ય ઉદ્દેશ્ય માટે શાળા અને અન્ય જાહેર સ્થળનો ઉપયોગ કરવાની ના પાડી છે.

## CHESS-OLYMPIAD.RTF

હંગેરીના બૂડપેસ્ટમાં રમાઈ રહેલી ચેસ ઓલમ્પિયાડમાં ભારતીય પુરુષ ટીમની અમેરિકાનેહરાવીને બે સુવર્ણ ચંદ્રક જીતવા તરફ આગેકૂચ . આ સાથે મહિલા ટીમે પણ સ્પર્ધાના અંતિમ તબક્કા પહેલા ચીનને હરાવી ટોચ પર છે. અંતિમ રમત આજે ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગ્યે શરૂ થશે. સ્પર્ધાની ઓપન કેટેગરીમાં ગઇકાલે ભારતના ડી ગુકેશે વિશ્વના બીજા નંબરના ખેલાડીફેબિયાનો કારુઆનાને જ્યારે અર્જુને લેનિઅર ડોમિંગ્યુઝ પેરેઝને હરાવ્યા હતા .ભારતનાપ્રજ્ઞાનંદાને વેસલે સો સે સામે હારનો સામનો કરવો પડ્યો છે જ્યારે વિદિત ગુજરાતી અને લેવોન અરોનીયન વચ્ચેની રમત ડ્રો થઈ હતી . મહિલા વર્ગમાંભારત કઝાખસ્તાન સાથે ટોચના સ્થાને છે . આ સમગ્ર પારદર્શન સાથે ભારત 10 તબક્કાને અંતે19 અંકો સાથે ટોચના સ્થાને રહ્યું છે.

## CULTURE--NAPLES.RTF

સંસ્કૃતિ મંત્રાલયના સચિવ અરુણીશ ચાવલાએ કહ્યું કે, સંસ્કૃતિ એ વિતેલા સમયની સ્મૃતિ જ નહીં પણ આર્થિક વૃદ્ધિની વાહક છે. શ્રી ચાવલાએ ગઈકાલે ઈટાલીના નેપલ્સ ખાતે સંસ્કૃતિ ક્ષેત્રે યોજાયેલી G-7 મંત્રીઓની બેઠકના વિશેષ સત્રમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આ બેઠકમાં આફ્રિકન સંઘ, બ્રાઝિલ, કેનેડા, યુરોપિયન સંઘ, ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને અમેરિકા સહિતના દેશોએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં 'આફ્રિકા અને વિશ્વના ટકાઉ વિકાસ માટે સંસ્કૃતિ' વિષય પર સમજૂતી કરાર કરાયા હતા.

શ્રી ચાવલાએ ભારતના અધ્યક્ષ પદે યોજાયેલી G-20 દેશોની શિખર પરિષદમાં આફ્રિકા સંઘનો G-20 સમૂહના કાયમી સભ્ય તરીકે સમાવેશને એક સીમાચિહ્નરૂપ પગલું ગણાવ્યું હતું.